For live updates : Like /Gujaratmitra | Follow /Gujaratmitra | /Gujaratmitr | Subscribe /Gujaratmitra | /Gujaratmitra | www.gujaratmitra.in

### સરકાર ૧૫મી તારીખનો MDRનો નિર્ણય પાછો ખેંચે, વેપારીઓની માંગ

# ‘SORRY FOR TODAY NO UPI’ ના પોસ્ટર સાથે વેપારીઓનો અનોખો વિરોધ

**એક** નાનો વેપારી જે હોલસેલ બિઝનેસ કરે છે, જેનું માર્જિન જ માત્ર એક થી દોઢ ટકા : પરેશ પરીખ






(પ્રતિનિધિ) વડોદરા,તા.2

ગાંધી જયંતીના દિવસે ભારતભરના તમામ મોટા વ્યાપારી સંગઠનો દ્વારા નો યુપીઆઈ ડે મનાવી સરકારના યુપીઆઈ પર MDR લાદવાના નિર્ણયનો વિરોધ કરવામાં આવી રહ્યો છે. ત્યારે વડોદરામાં પણ વેપારીઓએ Sorry For Today No UPI’ના પોસ્ટર સાથે અનોખો વિરોધ નોંધાવ્યો હતો.

વડોદરા વેપાર વિકાસ એસોસિએશનના આગેવાન પરેશભાઈ પરીખે જણાવ્યું હતું કે, એક નાનો વેપારી જે હોલસેલ બિઝનેસ કરે છે, જેનું માર્જિન જ માત્ર એક થી દોઢ ટકા છે, એ વેપારી જો અડધો ટકો સરકારને કે બેંકને આપી દેશે તો ધંધો કેવી રીતે કરશે? તેમણે વધુમાં જણાવ્યું હતું કે સરકારનું કહેવું છે કે એક મહિનામાં એક લાખ રૂપિયાથી વધુનું ટ્રાન્ઝેક્શન કરનાર વેપારીને એક લાખથી વધુની રકમ પર MDR લાગશે. આ અંગે ઉદાહરણ આપતા તેમણે કહ્યું કે, એક સફરજનની લારીવાળો 150 રૂપિયા કિલો સફરજન વેચતો હોય અને રોજના 20 કિલો પણ વેચે તો તેનું ટ્રાન્ઝેક્શન પણ એક લાખથી વધુ થવાનું છે. વડોદરામાં જ 20 હજારથી વધુ લારી-ગલ્લાવાળા અને 35 હજારથી વધુ વેપારીઓ છે. બધાના માર્જિન 1 થી 1.5 ટકાના રહેલા છે. પરેશભાઈએ સરકારને અપીલ કરતા કહ્યું કે, સરકારને વિનંતી છે કે 15 તારીખની આસપાસ UPI પર MDR લાગુ કરવાનો જે નવો કાયદો લાવવા માંગો છો તે મહેરબાની કરીને પાછો ખેંચી લો. ભારત એક મહાજનનો દેશ છે. ભારતભરમાં 9 કરોડથી વધુ વેપારીઓ છે જેના 30 કરોડથી વધુ પરિવારો છે. તો આ 30 કરોડ પ્રજાજનોને નારાજ ન કરશો અને નવરાત્રી, દશેરા, દિવાળીની ગિફ્ટ સમજીને 15મી તારીખનો તમારો આ નિર્ણય પાછો ખેંચી લેશો તો વેપારીઓમાં ખૂબ લાગણી અનુભવાશે.

### જાહેર રોડ પર ગંદકી કરવી ભારે પડી

# રજવાડી ચા સહિત ૨ એકમો સીલ, સ્થળ પર જ ૫ હજાર દંડ વસૂલાયો

**કિશનવાડી** વોર્ડ ૬ કચેરીની ટીમનો સરપ્રાઇઝ દરોડો; સીલિંગ નોટિસમાં કાયદેસરની પોલીસ કાર્યવાહીની કડક ચેતવણી




(પ્રતિનિધિ) વડોદરા તા.2

વડોદરા શહેરને સ્વચ્છ અને સુંદર બનાવવાના અભિયાન હેઠળ વડોદરા મહાનગરપાલિકાએ જાહેરમાં ગંદકી ફેલાવતા વેપારીઓ સામે કડક કાર્યવાહી શરૂ કરી છે. વોર્ડ નં.6ની ટીમે સંગમ ચાર રસ્તા વિસ્તારમાં સરપ્રાઇઝ ચેકિંગ કરી ગંદકી કરતી બે દુકાનોને સીલ મારી રૂ.5 હજારનો દંડ ફટકાર્યો હતો.

મળતી માહિતી મુજબ, કિશનવાડી શાક માર્કેટ પાસે આવેલી વોર્ડ ઓફિસના એએમસી સુરેશ તુવેર અને તેમની ટીમે સંગમ ચાર રસ્તા વિસ્તારમાં તપાસ હાથ ધરી હતી. દરમિયાન ‘રજવાડી ચા’ સહિત બે દુકાનો દ્વારા પાન, મસાલા અને પડીકીનો કચરો જાહેર રોડ પર ખુલ્લેઆમ ફેંકવામાં આવતો હોવાનું જણાયું હતું. પાલિકા દ્વારા અગાઉ પણ દુકાનદારોને ગંદકી ન કરવા અને સ્વચ્છતા જાળવવા સૂચનાઓ આપવામાં આવી હતી, છતાં સુધારો ન થતાં કાર્યવાહી કરાઈ હતી.

પાલિકાની ટીમે જીપીએમસી એક્ટ-1949 તથા ઘન કચરા વ્યવસ્થાપન નિયમ-2016 હેઠળ બંને દુકાનોને સ્થળ પર જ સીલ કરી રૂ.5 હજારનો દંડ ફટકાર્યો હતો.

સીલિંગ નોટિસમાં ચેતવણી આપવામાં આવી છે કે, પૂર્વ મંજૂરી વિના સીલ ખોલવા કે તોડવાનો પ્રયાસ કરાશે તો BNSની કલમ 223 હેઠળ પોલીસ ફરિયાદ સહિત કાયદેસરની કાર્યવાહી કરવામાં આવશે. પાલિકાની કાર્યવાહીને પગલે અન્ય વેપારીઓમાં ફફડાટ ફેલાયો છે. અધિકારીઓએ ચેકિંગ ચાલુ રાખવાની અને ગંદકી કરનાર સામે કડક કાર્યવાહી કરવાની ચેતવણી આપી છે.

### બોગસ દસ્તાવેજો અને રૂ.૫૮.૫૧ લાખનો નકલી ડીડી વોટ્સએપ પર મોકલ્યો

# દોઢ કરોડની મોર્ગેજ લોનની લાલચ આપી ઠગે વેપારી પાસેથી રૂ.૨૨.૫૭ લાખ પડાવ્યા

**રૂ.૭ લાખ** પરત આપી બાકીના રૂ.૧૫.૫૭ લાખ ન ચૂકવવા ફરિયાદ




(પ્રતિનિધિ) વડોદરા તા.2

નિઝામપુરાના ફેબ્રિકેશન વેપારીને મોર્ગેજ લોનના સપના બતાવી લાખો રૂપિયા પડાવી લેવાયા હોવાનો કિસ્સો સામે આવ્યો છે. બે મિલકતો સામે રૂ.1.40 કરોડની લોન મંજૂર કરાવવાની વાત કરી આરોપીએ લોનની ફી, એડવાન્સ ઈએમઆઈ અને ડીડીના નામે વેપારી પાસેથી રૂ.22.57 લાખ લીધા હતા. બાદમાં રૂ.58.51 લાખનો બોગસ ડી.ડી. વોટ્સએપ પર મોકલી વિશ્વાસમાં લીધો હતો. જોકે બેંકમાં તપાસ કરાવતા ડીડી નકલી હોવાનું સામે આવતા સમગ્ર છેતરપિંડીનો ભાંડો ફૂટ્યો હતો.

નિઝામપુરામાં રહેતા 50 વર્ષીય દિવ્યાંગભાઈ લાલભાઈ પટેલ છાણી જકાતનાકા વિસ્તારમાં ફેબ્રિકેશનનું કારખાનું ચલાવે છે. કોરોનાકાળ બાદ ધંધા માટે નાણાંની જરૂરિયાત ઊભી થતાં જાન્યુઆરી-2025માં મિત્ર મારફતે કલ્પેશ વણકરનો સંપર્ક થયો હતો. કલ્પેશે પોતે બેંકના ડીએસએ તરીકે ઓળખ આપી હિતેન્દ્રસિંહ ચૌહાણ લોનનું કામ કરાવી આપશે તેમ જણાવ્યું હતું.

બાદમાં હિતેન્દ્રસિંહે બંને મિલકતો સામે રૂ.1.40 કરોડની મોર્ગેજ લોન મંજૂર કરાવવાની ખાતરી આપી વેપારી પાસેથી જરૂરી દસ્તાવેજો મેળવ્યા હતા. લોનની પ્રક્રિયા અને ફીના નામે ગૂગલ-પે સહિતની રીતે રૂ.4.34 લાખ લેવાયા હતા. ત્યારબાદ ત્રણ એડવાન્સ ઈએમઆઈના નામે રૂ.4.22 લિખ રોકડા પડાવ્યા હતા.

31 માર્ચે લોનના ડી.ડી. આપવા માટે 10 ટકા લેખે રૂ.14 લાખની માંગણી કરવામાં આવી હતી. વેપારીએ સુરક્ષા માટે ચેક માંગતા આરોપીએ રૂ.14 લાખનો ચેક આપ્યો હતો. ત્યારબાદ અલગ-અલગ સમયે વધુ રૂ.14 લાખ રોકડા લેવામાં આવ્યા, પરંતુ લોનની રકમના ડી.ડી. આપવામાં આવ્યા નહોતા.

સપ્ટેમ્બર-2025માં આરોપીએ રૂ.58.51 લાખનો AU સ્મોલ ફાઈનાન્સ બેંકનો ડી.ડી. વોટ્સએપ પર મોકલ્યો હતો. વેપારીએ બેંકમાં તપાસ કરાવતા ડીડી બોગસ હોવાનું બહાર આવ્યું હતું. ત્યારબાદ પણ અન્ય ડીડીની પીડીએફ મોકલી હોવાનું જણાવાયું છે.

દરમિયાન સુરક્ષા માટે આપેલો રૂ.14 લાખનો ચેક બેંકમાં જમા કરાવતા હિતેન્દ્રસિંહની સહી અલગ હોવાના શેરા સાથે પરત ફર્યો હતો. રૂ.22.57 લાખમાંથી આરોપીએ અલગ-અલગ સમયે રૂ.7 લાખ પરત કર્યા હતા પરંતુ બાકીના રૂ.15.57 લાખ પરત નહીં આપતાં દિવ્યાંગભાઈ પટેલે હિતેન્દ્રસિંહ રણજીતસિંહ ચૌહાણ વિરુદ્ધ છાણી પોલીસ મથકે ફરિયાદ નોંધાવી છે. પોલીસે બોગસ ડીડી, વોટ્સએપ અને ઈ-મેઈલ સહિતના પુરાવાના આધારે તપાસ શરૂ કરી છે.

## રૂ.૫,૫૦૦ના રિફંડની લાલચ આપી નિવૃત્ત રેલવે અધિકારીના ખાતામાંથી રૂ.૮૧ હજાર ઉપાડ્યા

**Google** પરથી મળેલા ફેક કસ્ટમર કેર નંબર પર ફોન કરવો પડ્યો ભારે

(પ્રતિનિધિ) વડોદરા તા.2

ગોરવા પંચવટી વિસ્તારમાં રહેતા 60 વર્ષીય નિવૃત્ત રેલવે અધિકારીને ફોનપેના નિષ્ફળ ટ્રાન્ઝેક્શનના રૂ.5,500 રિફંડ મેળવવા ગૂગલ પરથી કસ્ટમર કેર નંબર શોધી ફોન કરવો ભારે પડ્યો હતો. કથિત UPI કસ્ટમર કેરના નામે વાત કરનાર સાયબર ઠગોએ વોટ્સએપ કોલ મારફતે વિશ્વાસમાં લઈ રિફંડની પ્રક્રિયાના બહાને તેમના SBI ખાતામાંથી રૂ.81 હજાર ઉપાડી લીધા હતા.

સમદનૂર નુરૂલહસન ખાનનું તા.23 સપ્ટેમ્બરે ફોનપેથી રૂ.5,500નું ટ્રાન્ઝેક્શન નિષ્ફળ ગયું હતું, પરંતુ રકમ ખાતામાંથી કપાઈ ગઈ હતી. બેન્કમાંથી UPI ફરિયાદ કરવા જણાવાયા બાદ તેમણે ગૂગલ પરથી કસ્ટમર કેર નંબર શોધ્યો હતો. ફોન કરનાર ઠગે રિફંડ અપાવવાની ખાતરી આપી શંકાસ્પદ પ્રક્રિયા કરાવતા ખાને ફોન કાપી નાખ્યો હતો.

જોકે, બાદમાં ઠગે વોટ્સએપ કોલ કરી રિફંડની પ્રક્રિયા ચાલુ હોવાનું કહી વિશ્વાસમાં લીધા હતા. ફોનપેમાં UPI ID નાખી પ્રક્રિયા કરવા અને ત્યારબાદ UPI PIN દાખલ કરાવતા જ ખાતામાંથી રૂ.81 હજાર ઉપડી ગયા હતા. YONO એપમાં તપાસ કરતાં છેતરપિંડીની જાણ થઈ હતી. તેમણે બેન્કનો સંપર્ક કરી સાયબર હેલ્પલાઈન 1930 પર ફરિયાદ નોંધાવી હતી. પોલીસે અજાણ્યા ઠગો સામે તપાસ શરૂ કરી છે.

### ગરબા આયોજકો સાથે પોલીસની બેઠક

# ગરબાના મેદાનથી પાર્કિંગ સુધી ડ્રોન અને કેમેરા દ્વારા બાજ નજર રખાશે



**શી ટીમ,** સીસીટીવી અને ફાયર સેફ્ટી પર ખાસ ધ્યાન રાખવા સૂચના

(પ્રતિનિધિ) વડોદરા તા.2

વડોદરાની નવરાત્રી અને રાવણ દહન કાર્યક્રમ શાંતિપૂર્ણ અને સુરક્ષિત રીતે યોજાય તે માટે શહેર પોલીસ દ્વારા ગરબા આયોજકો સાથે બેઠક યોજાઈ હતી. અલ્કાપુરી સર્કિટ હાઉસ ખાતે પોલીસ કમિશનર નરસિમ્હા કોમારની અધ્યક્ષતામાં યોજાયેલી બેઠકમાં પોલીસ અધિકારીઓ તથા વિવિધ ગરબા આયોજકો ઉપસ્થિત રહ્યા હતા.

બેઠકમાં ગરબા સ્થળની સ્ટ્રક્ચરલ સ્ટેબિલિટી, સ્ટેજ અને ગ્રાઉન્ડની ફાયર સેફ્ટી તેમજ જરૂરી સાધનો અંગે સૂચનાઓ અપાઈ હતી. મહિલા, બાળકો, દિવ્યાંગો અને વરિષ્ઠ નાગરિકોની સુરક્ષા માટે પૂરતા CCTV કેમેરા, અલગ પ્રવેશ-બહારના માર્ગ, યોગ્ય બેઠક વ્યવસ્થા અને પૂરતું પાર્કિંગ રાખવા જણાવાયું હતું.

આ ઉપરાંત સ્થળ અને પાર્કિંગમાં લાઈટિંગ, સુરક્ષા ગાર્ડ, વોલેન્ટિયર્સ અને પ્રાથમિક સારવારની સુવિધા ઉપલબ્ધ રાખવા સૂચના આપવામાં આવી હતી. નવરાત્રી દરમિયાન નેત્રમ કમાન્ડ એન્ડ કન્ટ્રોલના CCTV ઉપરાંત ડ્રોનથી સર્વેલન્સ કરવામાં આવશે. મહિલા સુરક્ષા માટે વિવિધ સ્થળે શી ટીમ તૈનાત રહેશે.

## ગાંધી જયંતિએ ‘વોકલ ફોર લોકલ’નો સંદેશ: સ્વદેશી ખરીદીથી અર્થતંત્ર અને કારીગરોને મળશે મજબૂતી



■ ગાંધી જયંતિના પાવન અવસરે વડોદરાના નેતાઓ તેમજ કાર્યકર્તાઓએ ખાદી ગ્રામોદ્યોગની મુલાકાત લીધી હતી. આ પ્રસંગે તેમણે ‘વોકલ ફોર લોકલ’ અને ‘આત્મનિર્ભર ભારત’ના સંદેશ સાથે લોકોને સ્થાનિક ઉત્પાદનો ખરીદવા અપીલ કરી હતી. ભાજપના નેતા એ જણાવ્યું કે સ્થાનિક વસ્તુઓની ખરીદીથી રાજ્ય અને શહેરનું અર્થતંત્ર મજબૂત બને છે અને પરંપરાગત કારીગરોને રોજીરોટી મળે છે. તેમણે દર વર્ષે પોતે હેન્ડલૂમ વસ્તુઓ ખરીદતા હોવાનું જણાવી ઉમેર્યું કે ખાદી હવે આધુનિક ફેશન સાથે જોડાઈ ગઈ છે. માત્ર ૨ ઓક્ટોબરે જ નહીં, પરંતુ વર્ષ દરમિયાન તહેવારોમાં ખાદી તેમજ ગ્રામોદ્યોગના અન્ય ઉત્પાદનોની ખરીદી કરવી જોઈએ.

# હોટેલો અને ખાણીપીણીની લારીઓ પર મનપાના દરોડા, ખોડિયારનગરમાંથી અજીનોમોટો ઝડપાયો

**સગર્ભા** સ્ત્રીઓ અને બાળકો માટે જોખમી ગણાતા કેમિકલ તેમજ અસ્વાસ્થ્યપ્રદ સામગ્રી સામે ફૂડ સેફ્ટી ઓફિસરની લાલ આંખ




(પ્રતિનિધિ) વડોદરા તા.2

વડોદરા મહાનગરપાલિકાના મ્યુનિસિપલ કમિશનરની સૂચના બાદ શહેરના નાગરિકોના આરોગ્ય સાથે થતા ચેડાં અટકાવવા માટે ખોરાક શાખા (ફૂડ એન્ડ ડ્રગ્સ વિભાગ) દ્વારા ખાણીપીણીની લારીઓ, હોટેલો અને રેસ્ટોરન્ટોમાં તપાસનો ધમધમાટ શરૂ કરવામાં આવ્યો છે. આ ઝુંબેશના ભાગરૂપે પૂર્વ ઝોનની ફૂડ સેફ્ટી ઓફિસરોની ટીમે ખોડિયારનગર ચાર રસ્તાથી લઈને પાંજરાપોળ સુધીના વિસ્તારમાં દરોડા પાડી સઘન ચેકિંગ હાથ ધર્યું હતું.

આ તપાસ દરમિયાન ખોડિયારનગર વિસ્તારની જાણીતી ‘સાઈ કૃપા પંજાબી ખાના’ નામની હોટેલમાં હાઈજીનના નિયમોનું ભારે ઉલ્લંઘન જોવા મળ્યું હતું. મનપાની ટીમને અહીંથી આરોગ્ય માટે અત્યંત હાનિકારક એવા અજીનોમોટો નો મોટો જથ્થો મળી આવ્યો હતો. આ ઉપરાંત ખાદ્ય પદાર્થો ખુલ્લા રાખવા, કલરવાળી વસ્તુઓનો ઉપયોગ કરવો તેમજ સમોસા જેવા ખાદ્ય પદાર્થોમાં અસ્વાસ્થ્યપ્રદ કાગળ નો ઉપયોગ કરવા જેવી ગંભીર બેદરકારીઓ પણ સામે આવી હતી.

મનપાના સીનિયર ફૂડ સેફ્ટી ઓફિસર અંકુર શાહે જણાવ્યું હતું કે, “અજીનોમોટોનો ઉપયોગ માત્ર પેકેજ્ડ ફૂડમાં ચોક્કસ મર્યાદા અને લેબલ ડિક્લેરેશન સાથે જ થઈ શકે છે. સગર્ભા સ્ત્રીઓ, ધાત્રી માતાઓ અને બાળકોના સ્વાસ્થ્ય માટે આ અત્યંત ગંભીર બાબત છે.” આથી મનપાની ટીમે સ્થળ પરથી જ મળી આવેલો અજીનોમોટો અને અખાદ્ય સામગ્રીનો જથ્થો જપ્ત કરી તેનો તાત્કાલિક નાશ કર્યો હતો.

હોટેલના સંચાલકોને હાલ તો હાઈજીન અને ફૂડ સેફ્ટીના નિયમો અંગે જરૂરી સૂચનાઓ અને તાલીમ આપવામાં આવી છે. સાથે જ મનપા દ્વારા તાકીદ કરવામાં આવી છે કે જો ભવિષ્યમાં ચેકિંગ દરમિયાન નિયમોનું અનાદર જોવા મળશે તો ફૂડ સેફ્ટી એન્ડ સ્ટાન્ડર્ડ એક્ટ હેઠળ કડકમાં કડક કાનૂની કાર્યવાહી હાથ ધરવામાં આવશે. આ ઝુંબેશને પગલે વિસ્તારના અન્ય વેપારીઓ અને લારી-ગલ્લા ધારકોમાં પણ ફફડાટ વ્યાપી ગયો છે.

# HSRP વગર ફરતા વાહનચાલકો સામે ટ્રાફિક પોલીસની લાલઆંખ

**પશ્ચિમ** વિસ્તારમાં એક અઠવાડિયામાં 100થી વધુ વાહનો ડિટેઇન, 500થી વધુને ઇ-ચલણ



(પ્રતિનિધિ) વડોદરા તા.2

વડોદરા શહેરમાં HSRP નંબર પ્લેટ વગર ફરતા વાહનચાલકો સામે ટ્રાફિક પોલીસે ચેકિંગ શરૂ કર્યું છે. રાજ્યના ડીજીપીની સૂચનાના આધારે પશ્ચિમ વિસ્તારમાં છેલ્લા એક સપ્તાહથી હાથ ધરાયેલી ઝુંબેશમાં HSRP વગરના 100થી વધુ વાહનો ડિટેઈન કરવામાં આવ્યા છે, જ્યારે 500થી વધુ વાહનચાલકો સામે ઈ-ચલણની કાર્યવાહી કરાઈ છે.

ટ્રાફિક વેસ્ટના ACP ડી.એમ. વ્યાસે જણાવ્યું હતું કે વાહનોમાં હાઈ સિક્યુરિટી રજિસ્ટ્રેશન પ્લેટ (HSRP) લગાવવાનો નિયમ વર્ષ 2017થી અમલમાં છે. નિયમ અમલમાં આવ્યાને વર્ષો વીતી ગયા હોવા છતાં હજુ કેટલાક વાહનચાલકોએ પોતાના વાહનમાં HSRP નંબર પ્લેટ લગાવી નથી.

આવા વાહનો સામે પોલીસે ચેકિંગ વધુ કડક બનાવ્યું છે. પશ્ચિમ વિસ્તારમાં હાથ ધરાયેલી કાર્યવાહીમાં 100થી વધુ વાહનો ડિટેઈન થયા છે. ઉપરાંત નિયમનો ભંગ કરનારા 500થી વધુ વાહનચાલકોને ઈ-ચલણ ફટકારવામાં આવ્યા છે.

પોલીસે વાહનચાલકોને પોતાના વાહનમાં નિયમ મુજબ HSRP નંબર પ્લેટ લગાવી ટ્રાફિકના નિયમોનું પાલન કરવા અપીલ કરી છે. આગામી દિવસોમાં પણ ચેકિંગ અને કાર્યવાહી ચાલુ રહેશે.

### ચિંતિત બનેલી મકરપુરામાં વિસ્તારમાં રહેતી માતાએ ૧૮૧ અભયમની મદદ માગી

# સ્નેપચેટની મિત્રતા લગ્ન સુધી પહોંચી, ૧૬ વર્ષની દીકરી સગીર યુવક સાથે લગ્ન કરવા જીદ પકડી

**૧૭ વર્ષના** કિશોરે પણ લગ્ન તો એની સાથે જ કરીશ કહી હઠ પકડતા અભયમે કાઉન્સેલિંગ કરી સમજાવ્યા




(પ્રતિનિધિ) વડોદરા, તા.2

મોબાઈલમાં સ્નેપચેટ પર 17 વર્ષના કિશોર સાથેની છ મહિનાની મિત્રતા બાદ 16 વર્ષની દીકરીએ અભ્યાસથી મોં ફેરવી મારે તો એ જ છોકરા સાથે લગ્ન કરવા છે એવી જીદ પકડી લેતા મકરપુરા વિસ્તારમાં એક માતાએ અભયમ મહિલા હેલ્પલાઈનની મદદ લીધી હતી. ઘટનાસ્થળે પહોંચેલી અભયમ ટીમે બંનેનું કાઉન્સિલિંગ કરી કાયદાકીય સમજ આપતા આખરે બંનેએ પોતાની ભૂલ સ્વીકારી હતી.

મકરપુરા વિસ્તારમાં રહેતી માતાએ અભયમ હેલ્પલાઈન પર ફોન કરી જણાવ્યું હતું કે, તેમની 16 વર્ષની દીકરી ઘરમાં કોઈની વાત માનતી નથી, અભ્યાસમાં ધ્યાન આપતી નથી અને મોટાભાગનો સમય મોબાઈલમાં વ્યસ્ત રહે છે. દીકરીના મોબાઈલમાં તપાસ કરતાં સ્નેપચેટ પર એક કિશોર સાથે નિયમિત ચેટિંગ કરતી હોવાનું જાણવા મળ્યું હતું. છેલ્લા છ મહિનાથી બંને વચ્ચે મિત્રતા હોવાનું સામે આવ્યું હતું. અભયમ ટીમે દીકરીનું કાઉન્સિલિંગ કરતાં તેણે કિશોર સાથે લગ્ન કરવાની ઈચ્છા વ્યક્ત કરી હતી. અગાઉ ધોરણ-10માં સારા માર્ક્સ મેળવનાર દીકરીનું અભ્યાસમાં પણ ધ્યાન ઘટી ગયું હોવાનું પરિવારજનોએ જણાવ્યું હતું.

ટીમે કિશોરનું પણ કાઉન્સિલિંગ કરતાં તેની ઉંમર 17 વર્ષ અને તે ITIનો અભ્યાસ કરતો હોવાનું જાણવા મળ્યું હતું. કિશોરે પણ બંને વચ્ચે મિત્રતા હોવાનું સ્વીકારી ‘મારે તો છોકરીને લઈ જવી છે અને લગ્ન કરીશ તો એની સાથે જ કરીશ’ તેવી વાત કરી હતી. અભયમ ટીમે બંનેને બાળલગ્ન સહિતના કાયદાકીય પરિણામો અંગે સમજ આપી હતી. સોશિયલ મીડિયા મારફતે કોઈના સંપર્કમાં આવ્યા બાદ આંધળો વિશ્વાસ ન રાખવા તથા હાલ અભ્યાસ અને ભવિષ્ય પર ધ્યાન આપવા સમજાવ્યું હતું. કાઉન્સિલિંગ બાદ બંનેએ પોતાની ભૂલ સ્વીકારી હતી અને પરિવારજનોએ પણ આગળ કોઈ કાર્યવાહી ન કરવા જણાવતાં મામલો સમાધાનથી થાળે પડ્યો હતો.

## વડોદરામાં ગરમી-ઉકળાટ યથાવત્, તાપમાન ૩૭.૨ ડિગ્રી

(પ્રતિનિધિ) વડોદરા,તા.2

વડોદરા શહેરમાં ગરમી અને ઉકળાટથી લોકો પરેશાન થઈ રહ્યા છે. શુક્રવારે શહેરનું મહત્તમ તાપમાન 37.2 ડિગ્રી સેલ્સિયસ નોંધાયું હતું, જે સામાન્ય કરતાં 2.1 ડિગ્રી વધુ છે. જ્યારે લઘુત્તમ તાપમાન 24.0 ડિગ્રી નોંધાયું હતું. ગત 24 કલાકમાં શહેરમાં વરસાદ નોંધાયો નથી. ભેજનું પ્રમાણ વધુ હોવાથી દિવસ દરમિયાન બફારો અનુભવાયો હતો. સવારે ભેજ 68 ટકા અને સાંજે 33 ટકા નોંધાયું હતું. હવામાન વિભાગની આગાહી મુજબ આગામી એક સપ્તાહ દરમિયાન ગરમીમાંથી ખાસ રાહત મળવાની શક્યતા નથી. તા.3થી 5 ઓક્ટોબર દરમિયાન આકાશ મુખ્યત્વે ચોખ્ખું રહેશે, જ્યારે તા.6થી 8 ઓક્ટોબર દરમિયાન આંશિક વાદળછાયું વાતાવરણ રહેવાની શક્યતા છે. આ દરમિયાન મહત્તમ તાપમાન 36થી 37 અને લઘુત્તમ તાપમાન 24થી 25 ડિગ્રી આસપાસ રહેવાની સંભાવના છે.

### વડોદરા-ડભોઈ હાઈવે પર અકસ્માતનો સિલસિલો યથાવત

# રતનપુર પાસે છોટા હાથી ટેમ્પોએ મોપેડ સવારને કચડ્યો, એકનું ઘટનાસ્થળે જ મોત

**વરણામા** પોલીસે મૃતદેહ પીએમ અર્થે ખસેડી ફરાર ચાલક સામે ગુનો નોંધ્યો



(પ્રતિનિધિ) વડોદરા,તા.2

વડોદરા નજીક ડભોઈ રોડ પર રતનપુર ગામ પાસે ગંભીર અકસ્માતની ઘટના બની હતી. પૂરપાટ ઝડપે આવી રહેલા છોટા હાથી ટેમ્પોના ચાલકે મોપેડ સવારને અડફેટે લેતા મોપેડ સવારનું ઘટનાસ્થળે જ કમકમાટીભર્યું મોત નીપજ્યું છે.

પ્રાપ્ત માહિતી મુજબ, રતનપુર ગામ નજીકથી પસાર થતા મોપેડ સવાર કલ્પેશ પરમારને સામેથી આવી રહેલા છોટા હાથીએ જોરદાર ટક્કર મારી હતી. અકસ્માત એટલો ભયાનક હતો કે મોપેડનો કચ્ચરઘાણ નીકળી ગયો હતો અને ચાલકને ગંભીર ઈજાઓ પહોંચતા તેનું ઘટનાસ્થળે જ મોત થયું હતું. ઘટનાની જાણ થતા જ આસપાસના લોકોના ટોળા એકઠા થઈ ગયા હતા અને વરણામા પોલીસને જાણ કરવામાં આવી હતી. માહિતી મળતા જ વરણામા પોલીસ કાફલા સાથે સ્થળ પર પહોંચી હતી. પોલીસે મૃતક કલ્પેશ પરમારના મૃતદેહને પોસ્ટમોર્ટમ માટે ખસેડી અકસ્માતનો ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે. અકસ્માત બાદ છોટા હાથીનો ચાલક વાહન મૂકી ફરાર થઈ ગયો હોવાનું જાણવા મળ્યું છે, જેને ઝડપી પાડવા પોલીસે ચક્રો ગતિમાન કર્યા છે.